# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના ટુ-વ્હીલરના વિવિધ શૉ રૂમ પર ભારે ભીડ

અરવલ્લી, તા. ૩૧

સુપ્રીમ કોર્ટે પ્રદૂષણને ધ્યાને રાખી બી.એસ.-૩ વાહનોના વેચાણ પર ૧ એપ્રિલથી પ્રતિબંધ લાદી દેતા સ્ટોકમાં પડેલા વાહનો કાઢવા ટુ-વ્હીલર બનાવતી વિવિધ કંપનીઓએ રૂ. ૫૦૦૦થી ૨૫૦૦૦ની છૂટ આપી બી.એસ.-૩ વાહનોનો સ્ટોક ખાલી કરવા વિવિધ સ્કીમની છૂટ આપતા જાણે અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં વિવિધ શૉ-રૂમોમાં ટુ-વ્હીલર વાહનોનો સેલ લાગ્યો હોય તેમ જિલ્લાવાસીઓએ ટુ-વ્હીલર ખરીદવા ભારે પડાપડી કરતા વિવિધ કંપનીઓના ડીલર્સને તડાકો બોલાઈ ગયો છે. ટુ વ્હીલરમાં દરેક કંપનીના મોપેડનો જથ્થો ખાલી થઈ જતા મોપેડ ખરીદવા ઈચ્છતા પ્રજાજનો નિરાશ થયા હતા.



સુપ્રીમ કોર્ટે ૧ એપ્રીલથી બીએસ-૩ પર લાગેલા પ્રતિબંધના કારણે ઓટોમોબાઈલ કંપનીઓ ભીંસમાં આવી ગઈ હતી. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લા ખાતે પડેલો ટુ-વ્હીલરનો સ્ટોક ખાલી કરવા ઓટો કંપનીઓએ અને ડીલર્સોએ વિવિધ મોડલ પર રૂ. ૫૦૦૦થી ૨૫૦૦૦ સુધીનુ ડિસ્કાઉન્ટ આપી દેતા લોકોનો વાહનો ખરીદવા શૉ-રૂમ પર ભારે ધસારો વર્તાયો હતો. બન્ને જિલ્લામાં ૫૦થી વધુ ઓટો ડીલર અને શૉરૂમમાંથી ગુરૂવારે અને શુક્રવાર બપોર સુધી હજારોની સંખ્યામાં વાહનો ચપાચપ વેચાઈ ગયા હતા. મોટા ભાગની કંપનીઓમાં કેટલાક મોડલ અને મોપેડ તો થોડીક જ કલોકોની અંદર આઉટ ઓફ સ્ટોક થઈ ગયો હતો. બપોરે ૩ વાગ્યા સુધી શૉ-રૂમોમાં ભારે ધસારાના પગલે ડીલર્સ પણ લોકોને ધસારાને પહોંચી વળવા મથામણ કરતા હતા અને વેચેલા વાહનોને બપોરે ૩ વાગ્યાની સમય સુધીમાં ખરીદી બતાવવા મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી દેતા બન્ને જિલ્લામાં કુલ કેટલા હજાર વાહનો વેચાયો તે જાણવા ચોક્કસ આંકડો મળી શક્યો ન હતો.

## ડિસ્કાઉન્ટનો લાભ લઈ ખરીદેલા બીએસ-૩ ટુ-વ્હીલરનું રજીસ્ટ્રેશન ૭ દિવસમાં કરાવવું

શુક્રવારે બપોરે ૩ વાગ્યા સુધી બન્ને જિલ્લામાંથી ખરીદાયેલા હજ્જારોની સંખ્યામાં રહેલા ટુ-વ્હીલરનું બન્ને જિલ્લાની આરટીઓ કચેરીઓમાં ૭ દિવસની જ અંદર રજીસ્ટ્રેશન કરાવવું પડશે. સાત દિવસ પછી બીએસ-૩ ટુ વ્હીલરનું રજીસ્ટ્રેશન થઈ શકશે નહિ તેવું આરટીઓ કચેરીના સુત્રો દ્વારા જાણવા મળ્યુ હતુ.

## બીએસ-૩ ટુ વ્હીલર વાહનોનું ૨૦૨૦મો રી-સેલ વેલ્યુ એકદમ ઓછી થઈ જવાનો ભય

પ્રદૂષણ અટકાવવા ૨૦૨૦ સુધી દેશમાં હાજર બીએસ ૪ અને એન્જીન આગળ જઈને બી-એસ-૬ ઉત્સર્જન નિયમ સુપ્રિમ કોર્ટે લાગુ પાડશે તો આવા સંજોગોમાં જો સરકાર બીએસ-૩ વાહનોની કોઈ રીસેલ પોલીસી નહિ લઈ આવે તો અત્યારે ખરીદાયેલા બીએસ-૩ વાહનોની રી-સેલ વેલ્યુ એકદમ ઓછી થઈ જશે અને કદાચ રીસેલ વેલ્યુ ઓછી થતા ભંગારમાં વેચવા પડે તો નવાઈ નહિ.

# પ્રાંતિજ ખાતે એક મકાનમાં ખોદકામ દરમિયાન ખજાનો મળ્યો

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે એક મકાનમાં ખોદકામ દરમ્યાન રાજા રજવાડા વખતનો ખજાનો મળી આવતાં મકાન માલિક સહિત પ્રાંતિજ જિલ્લાની રોનકમાં ચાર ચાંદ લાગી જશે અને ખોદકામ દરમ્યાન નિકળેલ ખજાનાનો ઉપયોગ અન્ય જિલ્લાઓમાં પણ થશે.

પ્રાંતિજ પહેલા પ્રાપ્તિપુરી નગરી તરીકે ઓળખાતું હતું અને અંહી રાજાઓથી માડી વણઝારા અને પાંડવો પણ પ્રાંતિજમાં વસવાટ કર્યો છે. ત્યારે આ નગરીમાં આટલું બધું ધન હશે તે તો કોઈને સપનામાં પણ ખબર હશે નહી અને આટલાં વર્ષો બાદ અચાનક મળી આવતાં ખોદકામ સ્થળ ઉપર પ્રાંતિજ સહિત તાલુકાના લોકોના ટોળીટોળા દોડી આવ્યાં હતાં અને તંત્રને પણ જાણ થતા જિલ્લા કલેક્ટર સ્વરૂપ પ્રાંતિજ- તલોદ પ્રાન્ત અધિકારી એ.આર. ચૌધરી મામલતદાર તથા પ્રાંતિજ પી.આઈ. ટી.બી. રાઠોડ સહિત જીલ્લા પોલીસ વડા તેમની ટીમ સાથે દોડી આવ્યાં હતાં અને હિંમતનગર તથા ગાંધીનગરથી મશીનગન સાથે લશ્કરને પણ તાત્કાલિક ઉતારવાનો વારો આવ્યો હતો અને મકાનની આજુબાજુ મીલેટ્રી ફોજ ઉભી કરવામાં આવી હતી જેમાં મળતી માહિતી મુજબ પ્રાંતિજ તપોધન ફડીમાં રહેતા રાવલ સુરેશભાઈ કાન્તીભાઈ જીવરામ કે જેવો પોતાનું જુનું મકાન નીચે ઉતારીને નવેસરથી જમીનદોષ કરી પાયાનું ખોદકામ કરી રહ્યાં હતાં તે સમયે પાયા સાત ફુટ ખોદતા સાત ફુટનો પથ્થર મળી આવ્યો હતો અને પથ્થરને જોતાં ચમત્કારી જેવો લાગતા તેની ઉપરથી ધીમેધીમે માટી હટાવતાં પથ્થર કમ્પલેટ ખુલ્લો થતાં પથ્થર ઉંચો કર્યો તો નીચે સીડી હતી અને સીડીથી અંદર જતાં અંધારામાં પણ



બધુ દેખાયુ તેવું તેજ જોવા મલ્યુ અને સોના ચાંદીના સિક્કા હિરા-મોતી સહિતનું ધન મળી આવતાં વાત વાયુવેગે પ્રસરી જતાં પ્રાંતિજ સહિત તાલુકા જિલ્લાનાં લોકો દોડી આવ્યા હતાં જ્યારે પ્રાંતિજ તંત્ર અને જિલ્લા તંત્ર સહિત અધિકારીઓ ધટનાસ્થળે દોડી આવ્યાં હતાં અને આખી તપોધન ફડી મીલેટ્રી ફોજ વચ્ચે કેદ થઇ ગઇ હતી જયારે આટલું બધું એક સાથે ધન મળતાં જિલ્લા કલેક્ટરની પી. સ્વરૂપ તથા પ્રાંતિજ-તલોદના પ્રાન્ત અધિકારી એ.આર. ચૌધરી તથા પાંતિજ-તલોદ મામલતદાર સહિત જોડે મીટીંગ યોજી હતી અને આ બધું ધન મકાનમાલિક તથા પ્રાંતિજ અને સાબરકાંઠા જિલ્લાનો વિકાસ અને સમગ્ર ગુજરાત સહિત દેશભરમાં વિકાસ માટે ઉપયોગ કરવામાં આવશે તેવું જીલ્લા કલેક્ટર પી. સ્વરૂપ દ્વારા જાણવાં મલ્યુ છે.

# પ્રાંતિજમાં ટેલિફોન રોમીયોને મહિલા પોલીસ સ્ટેશને ઢસડી ગઈ

### છેલ્લે સમાધાન થતાં પોલીસ ફરીયાદ ટળી હતી : ટેલીફોન ઉપર પજવણી કરનાર રોમીયોને મહિલાએ ઉનાળુ મેથીપાક દ્વારા સબક આપ્યો

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે છેલ્લાં કેટલાંક દિવસથી એક રોમીયો મહાશય દ્વારા ફોન ઉપર મહિલાને હેરાન કરતાં મહિલાએ હિંમત દાખવી રોમીયોનો સામનો કરી બજારમાં બોલાવી ઉનાળુ મેથી પાક આપ્યો હતો.

પ્રાંતિજ ખાતે રહેતા કવિતાબેન નામ બદલેલ છે કે જેવો પરણીત છે અને પ્રાંતિજ ખાતે રહે છે. તેમણે કેટલાય સમયથી પ્રાંતિજ તાલુકાના ઓરાણ ખાતે રહેતા યુવક દ્વારા છેલ્લા કેટલાય સમયથી ફોન ઉપર મહિલાને પજવણી કરતો હતો અને પરણિત મહિલાએ ના પાડવા છતાં અવારનવાર ફોન કરતો હતો અને મહિલાએ અનેકવાર ના પાડવાં છતાં ફોન ઉપર પજવણી કરવાનું છોડયું ન હતું. જેથી મહિલાએ હિંમત દાખવી રોમીયો મહાશયને ભર બપોરે બજારમાં બોલાવ્યો અને રોમીયો આવતાં બરાબર ઈન્કવાયરી બાદ ભર બજારમાં ભર ઉનાળે મેથીપાક આપ્યો હતો અને મારતાં-મારતાં ફેટ પકડીને રીક્ષામાં ચગડી પ્રાંતિજ પોલિસ સ્ટેશન સુધી લઈ ગઈ હતી. ત્યારે પોલીસ દરબારમાં ગયેલ મામલો આખરે સમાધાન થતાં પોલીસ ફરીયાદ ના થઈ હોવાનું તેણી પાછળ શું ધરાયુ એ વાત ઉપર હાલ તો પરદો પડયો છે પણ હિંમત દાખવી ભર ઉનાળે મેથી પાક આપી ફેટ પકડીને મહિલા પોલિસ સ્ટેશન સુધી લઈ ગઈ એ પણ અન્ય મહિલાઓ માટે પણ શીખ આપતી ધટના છે.



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો. ૧૦ અને ધો. ૧૨ની પરીક્ષાઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ હતી. મોડાસાના મરડીયા જીતપુરની સી.એમ. સુથાર શાળામાં ધો. ૧૨ના કેન્દ્રમાં ૩૦૦ છાત્રોને પરીક્ષા પૂર્ણ થયા પછી શરબત પીવડાવવામાં આવ્યો હતો. બોર્ડની પરીક્ષાના બધાં જ પેપર પૂરાં થતાં પરિક્ષાર્થીઓએ આ પરીક્ષાના બોજમાંથી મુક્તિ અનુભવી હતી.

# પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેન્ડમાં બસો પુનઃ ચાલુ કરવા ગ્રામજનોની માંગણી

### વિકાસના કામોને લઈને બસો બંધ કરવામાં આવી હતી : કામ પૂર્ણ થયેલ સમય વિતી ગયો છતાં બસો પુનઃ ચાલુ ના થતાં ગ્રામજનોમાં રોષ

પ્રાંતિજ, તા.૩૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતેઆવેલ ભાંખરીયા બસ સ્ટેન્ડ ઉપર આવતી બસો છેલ્લા કેટલાય સમયથી એસ ટી બસો બંધ કરી દેતાં ગ્રામજનોને દ્વારા બંધ કરવામાં આવી હતી અને રોડનું કામ પૂર્ણ થયેને સમય વિતી ગયો અને ભાંખરીયા સ્ટેન્ડ ઉપર આવતી બધી બસો ફરી આજદિન સુધી પુનઃ ચાલું કરવામાં ના આવતા પણ ગરમીમાં ચાલીને એક કિલો મીટર સુધી આવવુ પડે છે. અને આને લઈને ગામડાઓના વેપારીઓ પણ આવવાનું ટાળે છે. અને છેક પ્રાંતિજ એસ.ટી ડેપોથી ગરમીમાં




પડતી ભારે હાલાકીઓ પુનઃ સ્ટેન્ડ ચાલુ કરવાં માંગ કરવામાં આવી છે.

પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન ખાતે વિકાસના કામોને લઈને સ્ટેન્ડ ઉપર આવતી બસો રોડનુ કામ ચાલુ હોવાથી ભાંખરીયા બસ સ્ટેન્ડ ઉપર બસો ડેપો મેનેજર હાલ તો ગ્રામજનો તથા શાળા-કોલેજમાં આવતાં વિદ્યાર્થીઓને ભારે હાલાકીઓ પડે છે અને પ્રાંતિજ ડેપોથી ભાંખરીયા બસ સ્ટેશન સ્ટેન્ડ સુધી એક કિલોમીટર સુધી ચાલીને આવવું પડે છે અને આજુબાજુના ગામ્ય વિસ્તારોમાંથી આવતાં વુધ્ધોને ચાલીને આવવામાં મુશ્કેલીઓ ઉભી થાય છે. જેથી ભાંખરીયા બસ સ્ટેન્ડ આવતી બસો સત્વરે ચાલુ થાય તેવી માંગ ઉઠવા પામી છે. જ્યારે બીજીબાજુ હાઈવે ઉપરથી જતી બસો ડેપોમાં આવે તેવી પણ પ્રાંતિજ વાસીઓની માંગ ઉઠવા પામી છે.

# મહેસાણામાં રામનવમી શોભાયાત્રાના પગલે ડાયવર્ઝન અપાયા

મહેસાણા, તા. ૩૧

મહેસાણામાં ૫ એપ્રિલ ૨૦૧૭ના રોજ મહેસાણા તોરણવાળી માતાના ચોકમાંથી ૩૬મી રામનવમીની શોભાયાત્રા ૧૩-૩૦ કલાકથી નીકળી રેલ્વે સ્ટેશન, ફુવારા, રાજમહેલ રોડ, નવા ફુવારા, જુના ફુવારા, ગોપીનાળા, ડેરીરોડ થઈ રાધનપુર ચાર રસ્તા, શિલ્પા ગેરેજ, મોઢેરા ચાર રસ્તા, એસ.ટી.વર્કશોપ, બી.કે.સીનેમા ચોક, ભમ્મરીયા નાળા, રબારી વાસ, કસ્બા, ઉંચી શેરી, પટવા પોળ, આઝાદ ચોક થઈ તોરણવાળી માતાના ચોકમાં પુર્ણ થનાર છે.આ રથયાત્રામાં રામજી ભગવાનનો રથ, ઉંટલારી, મેટાડોર, બેન્ડ બાજા, ભજન મંડળીઓ વિગેરે જોડાય છે. જેમાં આશરે ૨૦ હજારથી વધુ દર્શનાર્થીઓ જોડાય છે. શહેરમાં આ શોભાયાત્રાના પગલે ટ્રાફિકની સમસ્યા ન થાય તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજાએ ડાયવર્ઝનના આદેશ આપ્યા છે.

જેમાં આ દિવસ દરમિયાન બપોરે ૧૨ કલાકથી રાત્રે ૨૧ કલાક સુધી ભારે વાહનો ટેન્કરો, કન્ટેનર, લકઝરી બસો, ટ્રકો, ક્રેન જેવા વાહનોને ડાયવર્ઝન અપાયા છે. આ વાહનો આ દિવસ દરમિયાન ફતેહપુરા પાટીયાથી બાયપાસ રોડ થઈ શિવાલા હોટલ થઈ અમદાવાદ જશે તેમજ અમદાવાદ તરફથી શિવાલા હોટલ થઈ બાયપાસ રોડ ફતેહપુરા પાટીયા થઈ ઉંઝા તરફ જશે તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# આઈસીએઆઈની અમદાવાદ બ્રાન્ચમાં કેમ્પસ પ્લેસમેન્ટ યોજાયું

અમદાવાદ, તા. ૩૧

ધ ઈન્સ્ટિટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ)ની અમદાવાદ બ્રાન્ચમાં ફેબ્રુઆરી-માર્ચ, ૨૦૧૭નો કેમ્પસ પ્લેસમેન્ટ કાર્યક્રમ તાજેતરમાં સંપન્ન થયો હતો.

કેમ્પસ પ્લેસમેન્ટ અંગે માહિતી આપતા અમદાવાદ બ્રાન્ચના ચેરમેન સીએ ચિંતન પટેલે જણાવ્યું હતું કે, 'કુલ ૧૦૩ ઉમેદવારોએ કેમ્પસ પ્લેસમેન્ટમાં ભાગ લીધો હતો. આ કેમ્પસ પ્લેસમેન્ટમાં પાંચ કંપનીઓએ કુલ ૧૪ ઉમેદવારોની રિક્રુટમેન્ટ કરી હતી. આ કેમ્પસ પ્લેસમેન્ટમાં સર્વાધિક પેકેજ વાર્ષિક સીટીસી રૂ. ૧૧ લાખ ઓફર થયું હતું.'

# મેઘરજ માર્કેટયાર્ડના ૧૩ સભ્યો માટે ૫૦ ઉમેદવારીપત્રો ભરાયા

મેઘરજ, તા. ૩૧

મેઘરજ ખેતીવાડી બજાર ઉત્પન્ન સમિતિના સભ્યો માટે ઉમેદવારીપત્રો આજે મેઘરજ માર્કેટયાર્ડ ખાતે ભરાયા હતા. જેમાં કુલ ૫૦ ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવી છે. ગુરૂવારે સવારે ૧૧ થી ૫ કલાક સુધી મેઘરજ માર્કેટયાર્ડ ખાતે ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. જેથી તાલુકાના રાજકારણમાં ચહલપહલ મચી જવા પામી હતી. મેઘરજ ખેતીવાડી બજાર સમિતિ ખાતે ચૂંટણી અધિકારી આર.એ. મકવાણાની હાજરીમાં ઉમેદવારોએ પોતાના ઉમેદવારીપત્રો રજુ કર્યા હતા.

જેમાં ખેડૂત પેનલ માટે ૮ બેઠકો ફાળવવામાં આવેલી છે. જેની માટે કુલ ૩૩ ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા હતા અને વેપારી ડીરેકટરોની ૪ સીટો ફાળવવામાં આવી હતી. જેની માટે ૧૫ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. અને ખરીદ વેચાણ સંઘની ૧ બેઠકની સામે ૨ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા હતા. આમ મેઘરજ માર્કેટયાર્ડની કુલ ૧૩ સભ્યોની ચૂંટણી માટે તાલુકાના ૫૦ ઉમેદવારોએ પોતાના ફોર્મ ભર્યા હતા. જેની ચકાસણી ૩૧ તારીખે મેઘરજ માર્કેટયાર્ડ ખાતે ચૂંટણી અધિકારીની હાજરીમાં કરવામાં આવશે. અને તેની ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખ ૩ એપ્રિલ છે અને જેની ચૂંટણી આવતી ૧૨ તારીખે મેઘરજ માર્કેટયાર્ડ ખાતે યોજવામાં આવશે.

# ભાવનગરમાં પગરખાની પરબ

ભાવનગર, તા. ૩૧

કાળઝાળ ગરમીમાં કોઈ ગરીબ માણસ બુટ-ચંપલ વિના ન ફરે તેવા શુભ આશયથી શિશુવિહાર સંસ્થા દ્વારા તા. ૨, રવિવારે અગાઉથી નિયત કરાયેલ ૩૬૮ ભાઈ-બહેનોને બુટ-ચંપલ તથા વોટરબેગનું વિતરણ કરવામાં આવશે. ઉષાબહેન ચંદ્રવદનભાઈ શાહ તથા શારદાબહેન હર્ષદરાય પંડ્યાના વિશેષ સહકારથી વિતરીત થનાર સહાયના શુભ કાર્યમાં ભાવનગરની સેવા સંસ્થા મંગલ ચેરીટેબલ ટ્રસ્ટ, સેવા સમિતિ, તથા પાશ્વભક્તિ ચેરીટેબલ ટ્રસ્ટના સેવાભાવી ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહેશે.

# હેડુવા-રાજગર ખાતે સાબરમતી સી.એન.જી વાનમાં આગ : મોકડ્રીલ

મહેસાણા, તા. ૩૧

મહેસાણા જિલ્લાના હેડુવા-રાજગર ખાતે સાબરમતી ગેસ તેમજ જિલ્લા તંત્ર દ્વારા મોકડ્રીલનું આયોજન કરાયું હતું . સાબરમતી ગેસ લી.ના પાલાવાસણા ચાર રસ્તાથી આગળ હેડુવા-રાજગર ગામ પાસે આવેલ સાબરમતી સી.એન.જી સ્ટેશન ખાતે મોબાઈલ સી.એન.જી વાનમાં આગ લાગેલ હોવાની માહિતી સાથે મોકડ્રીલનું આયોજન કરાયું હતું.

સાબરમતી ગેસ તેમજ જિલ્લા તંત્ર દ્વારા દુર્ઘટના સમયે સુરક્ષા સંબંધિત આધુનિક સાધનો તથા માનવ શકિતના સહકારથી બચાવ કામગીરી કઈ રીતે સફળતાપુર્વક કરી શકાય તે અંગે જાગૃતિ લાવવા તેમજ સી.એન.જી વાનમાં આગ સમયે કયા કયા પગલા લઈને મોટી દુર્ઘટનાથી બચી શકાય છે તે માટે ઓફ સાઈટ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. મહેસાણા જિલ્લા અધિક કલેકટર રમેશ મેરજાએ જણાવ્યું હતું કે મોકડ્રીલ થકી સ્થાનિક લોકોમાં જાગૃતિની સાથે જવાબદારીની સમજ કેળવાય છે અને કટોકટીની પળોમાં સુરક્ષિતા સાથે કઈ રીતે સજ્જ થવું તે અંગેની સમજદારીથી માહિતગાર થાય છે. સુરક્ષા વ્યવસ્થા





માટે ટીમવર્ક ખુબજ જરૂરી હોય છે અને આ ટીમવર્કની તાલીમ મોકડ્રીલ થકી ઉજાગર થાય છે. મશીન તથા માનવશકિતનો કેવી રીતે મહત્તમ ઉપયોગી કરી શકાય તે માટે આવી મોકડ્રીલ ખુબ ઉપયોગી બની રહે છે મોકડ્રીલમાં રહેલી નાની નાની ખામીઓ જાણી તેને સુધારવાની તક મળે છે તેમ જણાવ્યું હતું.

મોકડ્રીલ અંતગર્ત આજે સવારના સમયે સી.એન.જી સ્ટેશન ખાતે મોબાઈલ સી.એન.જી વાનમાં આગ લાગેલ હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. જે માહિતી મળતાં સંબધિત વિવિધ ટીમ ઘટનાસ્થળે પહોંચી સુરક્ષાને લગતી જરૂરી કામગીરી તાબડતોબ કરી હતી. મોકડ્રીલના નિરિક્ષણ માટે આવેલા સરકારના વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ તથા અન્ય કંપનીઓમાંથી આવેલા અધિકારી ગણે સંદેશાની આપ-લે, સુરક્ષા વિભાગોની ટીમ અને બચાવ કામગીરી માટે આધુનિક સાધનોનો યોગ્ય ઉપયોગ વગેરે બાબતે અભ્યાસ કરી મોકડ્રીલને સફળતાપુર્વક પુર્ણ જાહેર કરી હતી.

# યુવાનને ઢોરની જેમ મારનાર બે પોલીસ કોન્સ્ટેબલ સામે કડક પગલા લેવા માંગ

પાલનપુર શહેર પૂર્વ પોલીસ મથકના બે પોલીસ કોન્સ્ટેબલે રાજપૂત સમાજના યુવાનને ઢોર માર મારતા રાજપૂત સમાજમાં ઘેર પ્રત્યાઘાત પડયા છે. છેલ્લા ચાર દિવસથી પોલીસના મારથી થયેલ ઘાયલ પૃથ્વીરાજ રાજપૂત નામનો યુવાન પાલનપુર સિવિલ હોસ્પિટલ સારવાર હેઠળ છે ત્યારે રાજપૂત સમાજનું સંગઠન મહાકાલ સેનાએ સિવિલમાં સારવાર લઈ રહેલા ઈજાગ્રસ્તની મુલાકત લઈ પોલીસની રોફગીરી સામે નારાજગી વ્યકત કરી હતી અને આવા પોલીસ કર્મીઓ સામે કડક પગલા લેવામાં આવે તેવી સમાજના આગેવાનોએ માંગ કરી હતી ગત ૨૬ માર્ચના રાત્રે પૂર્વ પોલીસ મથકના બળદેવ ચૌધરી અને કૌશિક ચૌધરી એ નજીવી બાબતમાં આ યુવાનને ઢોર માર માર્યો હતો.



# ડીસા રબારી સમાજ દ્વારા ગોગા મહારાજની ધર્મશાળાનું ઉદ્દઘાટન

ડીસા રબારી સમાજ દ્વારા એસ.સી.ડબલ્યુ હાઈસ્કૂલ પાસે નવ નિર્મિત ગોગા મહારાજની ધર્મશાળાનું ગતરોજ વિધિવત રીતે લોકાર્પણ કરાયું હતું. આ અવસરે ગોગા મહારાજના ભૂવાજી બાબુભાઈ હાલાભાઈ રબારી, તરભ વાળીનાથ અખાડાના મહંતશ્રી, તુંડાલી ગોગા મહારાજના ભૂવાજી વિરમભાઈ દેસાઈએ ઉપસ્થિત રહી આ નવી ધર્મશાળાને ખુલ્લી મુકી હતી. ડીસા રબારી સમાજના ભાવિકોની ભરચક હાજરીમાં યોજાયેલ આ ઉદ્દઘાટન સમારોહ પ્રસંગે યજ્ઞ તેમજ ભોજન પ્રસાદનું આયોજન પણ કરાયું હતું. જેનો ભાવિકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. રાત્રે ડીસાના રાયકાનગર ખાતે શોભતા ગોગા મહારાજના મંદિરે રમેલનું આયોજન પણ કરાયું હતું.